# ધી ધર્મજ પીપલ્સ કો-ઓપરેટીવ બેંક લિ. ધર્મજ.

## વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી બેંકના સર્વે સભાસદોને જાણ કરવામાં આવે છે કે બેંકની ૫૮ મી વાર્ષિક સાધારણ સભા **તા. ૧૨/૦૫/૨૦૨૬ ને મંગળવાર**ના રોજ **સાંજે ૫-૩૦** કલાકે અ. પુ. સ્વામિનારાયણ મંદિર - ટાવર સામે, ધર્મજમાં નીચે દર્શાવેલ કાર્યવાહી માટે મળશે. તો દરેક સભાસદને હાજર રહેવા નમ્ર વિનંતી.

### –: કાર્યવાહી :–

૧. તા. ૨૮-૦૮-૨૦૨૫ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીની નોંધને મંજુર કરવા બાબત.

૨. તા. ૩૧-૦૩-૨૦૨૬ના પુરા થતા વર્ષનો સંચાલક મંડળે રજુ કરેલ વાર્ષિક અહેવાલ તેમજ વૈધાનિક ઓડીટર્સશ્રીએ પ્રમાણિત કરેલ ઓડીટેડ હિસાબો મંજુર કરવા તથા બોર્ડ ઓફ ડીરેક્ટર્સે નફાની સુચિત ફાળવણી તથા જાહેર કરેલ ડીવીડન્ડને મંજુર કરવા બાબત.

૩. સને ૨૦૨૬-૨૦૨૭ના વર્ષ માટે બેંકના હિસાબો તપાસવા સારૂ કોન્કરન્ટ ઓડીટરશ્રી, સ્ટેચ્યુટરી ઓડિટરશ્રીની નિમણૂંક RBIની મંજુરીને આધિન અને નક્કી કરેલ વેતનને બહાલી આપવા બાબત.

૪. બેંકના પેટા નિયમ ૫ મુજબ ૨૦૨૬-૨૦૨૭ના વર્ષ માટે બેંકની વધારેમાં વધારે કરજ કરવાની મર્યાદા નક્કી કરવા બાબત.

૫. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે કામો કરવા બાબત.

ધર્મજ.

તા. ૨૮ - ૦૪ -૨૦૨૬

બોર્ડ ઓફ ડીરેક્ટર્સના હુકમથી
વિનોદભાઈ એમ. પટેલ
મેનેજરશ્રી

તા. ક. : ૧. કોરમના અભાવે મુલત્વી રહેલી સભા તેજ દિવસે તેજ કામકાજ માટે તેજ સ્થળે અડધો કલાક બાદ રાખવામાં આવશે.

૨. સભામાં ફક્ત સભાસદ તથા આમંત્રિત વ્યક્તિ જ હાજર રહી શકશે.

૩. સભામાં આ અહેવાલ સાથે લાવવા વિનંતી છે.

૪. બેંકના સરવૈયા બાબત વિશેષ માહિતી જોઈતી હોય તો અથવા અન્ય પ્રશ્નો પૂછવા હોય તો **તા. ૦૬-૦૪-૨૦૨૬** સુધીમાં બેંકમાં લેખિત આપી જવા જેથી યોગ્ય કાર્યવાહી થઈ શકે.